નં/સ્ટેમ્પ/કપદ/૬૪/૦૬/૭૬૮૭

સુપ્રી. ઓફ. સ્ટેમ્પ્સની કચેરી
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેક્ટર-૧૩- સી "ખ" રોડ,
ગાંધીનગર,
તા.૨૪/૮/૨૦૦૭

વંચાણમાં લીધું:- મહેસુલ વિભાગ જાહેરનામા ક્રમાંક: જીએસએમ- ૨૦૦૭-૫૩
- એમ- એસટીપી-૧૦૨૦૦૭ -૨૨૫-હ.૧ તા. ૨૭/૫/૨૦૦૭

<u>પરીપત્ર</u>

સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨-ક હેઠળના દસ્તાવેજોમાં થયેલ હુકમના સંદર્ભમાં જે વ્યક્તિઓએ સ્ટેમ્પ ડયુટીની બાકી રકમ અને તેનું વ્યાજ ભરવાનું થતું હોય તે રકમમાં રાહત આપવા માટે રાજય સરકારે એમ્નેસ્ટી યોજના જાહેર કરી છે. આ યોજનાની વિગતો નીચે મુજબ છે.

(૧) તા.૧/૪/૨૦૦૦ પહેલા નોંધણી અર્થે રજુ થયેલ દસ્તાવેજોમાં કલમ-૩૨-ક હેઠળ તા. ૩૧/૧૨/૨૦૦૬ સુધીમાં હુકમ થયેલ હોય તેમાં નાયબ કલેકટરના કલમ -૩૨-ક ના હુકમ અનુસાર ખુટતી સ્ટેમ્પ ડયુટીની ભરવાની થતી રકમની ૩૦% રકમ જો પક્ષકાર ભરે તો ખુટતી સ્ટેમ્પ ડયુટી બાકીની ૭૦% રકમ ભરવામાંથી તેઓની માફી મળશે. અને સાથોસાથ ચડત વ્યાજની પુરેપુરી રકમ પણ માફ થશે.

(૨) તા૧/૪/૨૦૦૦ પહેલાના જે દસ્તાવેજોમાં કલમ-૩૨-ક હેઠળ હુકમ તા. ૩૧/૧૨/૨૦૦૬ સુધીમાં થયેલ હોય અને પક્ષકારે અધિનિયમની કલમ-૩૨ (ખ) હેઠળ મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીને રેફરન્સ અરજી કરેલ હોય અને નિર્ણય અર્થે બાકીમાં હોય તેવા દસ્તાવેજોમાં પણ એમ્નેસ્ટી યોજનામાં લાભ મળવા પાત્ર થશે.

(૩) તા.૧/૪/૨૦૦૦ કે તે પછી નોંધણી અર્થે રજુ થયેલા દસ્તાવેજોમાં કલમ-૩૨-ક અથવા કલમ-૩૨-ખ હેઠળનાં હુકમ તા.૩૧/૧૨/૨૦૦૪ સુધીમાં થયેલ હોય તેમાં નાયબ કલેકટરશ્રી /મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધીકારીશ્રીના હુકમ અનુસાર ખુટતી સ્ટેમ્પ ડયુટીની પુરેપુરી રકમ તા.૧/૯/૨૦૦૭ થી તા.૩૧/૧૦/૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન જો પક્ષકાર ભરપાઈ કરે તો, ચડત વ્યાજની પુરેપુરી રકમ માફ થશે.

(૪) તા. ૧/૪/૨૦૦૦ પછીના જે દસ્તાવેજોમાં કલમ-૩૨-ક હેઠળનો હુકમ તા.૩૧/૧૨/૨૦૦૪ સુધીમાં થયેલ હોય અને પક્ષકારે અધિનિયમની કલમ-૩૨-ખ હેઠળ મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીને રેફરન્સ અરજી કરેલ હોય અને નિર્ણય અર્થે બાકીમાં હોય તેવા દસ્તાવેજોમાં પણ એમ્નેસ્ટી યોજનામાં લાભ મળવાપાત્ર થશે.

(૫) એમ્નેસ્ટી યોજનામાં આવરી લેવામાં આવેલા દસ્તાવેજો/ હુકમો સંબંધમા પક્ષકારે નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય તેવા કિસ્સામાં નામદાર કોર્ટ ધ્વારા દાવો પરત ખેચવાની અનુમતિ /મંજુરી મળેથી યોજનાનો લાભ મેળવી શકશે.

(૬) ઉકત (૧)થી(૪) ની વિગતે એમ્નેસ્ટી યોજના મુજબ ભરવાપાત્ર રકમ તા.૧/૯/૨૦૦૭ થી તા.૩૧/૧૦/૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન ભરપાઈ કરશે, તેને જ એમ્નેસ્ટી યોજનાનો લાભ મળવાપાત્ર થશે.

(૭) સને.-૨૦૦૬ માં એમ્નેસ્ટી યોજના વખતે જે નમુનામાં નિકાલી કેસો માટે રજીસ્ટરો નિભાવેલ હતાં તે મુજબના નમુનામાં જ સને-૨૦૦૭ ની એમ્નેસ્ટીયોજના માટેના રજીસ્ટરો નિભાવવાના રહેશે.

(૮) <u>નાયબ કલેકટર દ્વારા કરવાની થતી કામગીરી:-</u>

(૧) જે કેસોમાં કલમ-૩૨-ક હેઠળ હુકમ થયેલ હોય તેમાં સંબધિત પક્ષકારને એમ્નેસ્ટી યોજનાનો લાભ લેવા જણાવવું આ માટે પક્ષકારોને લખવાના થતાં પત્રનો નમુનો આ સાથેસામેલ છે. (જોડાણ-૧)

(૨) જે પક્ષકાર એમ્નેસ્ટી યોજના હેઠળ ભરવાપાત્ર રકમ ભરે તેવા કેસોમાં આ સાથે ઠરાવેલ શેરાના નમુનામાં (જોડાણ-૨) મુજબ હુકમ કરવાનો રહેશે.

(૩) શેરાના નમુના મુજબ જે કેસોમાં વસુલાત થઈ હોય તેમાં લેખની ઉપર નિયત નમુના (જોડાણ-૩) મુજબનું પ્રમાણપત્ર આપીને સદર અસલ લેખ પક્ષકારને પરત કરવાનો રહેશે.

<u>(૮) કલમ-૩૨-ખ હેઠળ પડતર લેખ સંબધે કાર્યવાહી:-</u>

(૧) અધિનિયમની કલમ-૩૨-ક (૩) હેઠળના હુકમ સામે કલમ-૩૨-ખ હેઠળ રેફરન્સ અપીલ કરેલ હોય તેવા લેખના પક્ષકાર યોજનાનો લાભ લેવા માંગતા હોય તો તેઓ પોતાની રેફરન્સ અરજી પરત ખેંચવા માંગે છે તે મતલબની અરજી પક્ષકારે નાયબ કલેકટરશ્રીને અથવા મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીને આ સાથેના ઠરાવેલ નમુના (જોડાણ-૪) મુજબ કરવાની રહેશે.

(૨) પક્ષકાર તરફથી અરજી મળ્યેથી એમ્નેસ્ટી યોજના અનુસાર ભરવાની થતી રકમમાંથી અપીલ વખતે ભરપાઈ કરેલ ડીપોઝીટની રકમ બાદ કરી તફાવતની ખુટતી ડયુટી તથા દંડની રકમ વસુલ લેવાની રહેશે.

(૩) જે કેસોમાં પક્ષકાર મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રીને અરજી કરીને એમ્નેસ્ટી યોજનાનો લાભ લેવાની જાણ કરે અથવા રેફરન્સ અરજી પરત ખેંચવા અરજી કરે તેમાં અપીલનો કેસ માંડવાળ ગણવામાં આવશે.

(૪) મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રી તરફથી કેસો પરત મળ્યેથી અને પક્ષકાર યોજના અનુસાર રકમ ભરે ત્યાર પછી લેખ ઉપર ઠરાવેલ નમુના મુજબનું પ્રમાણપત્ર આપી પક્ષકારને લેખ તુરંત જ પરત કરવાનો રહેશે.

ઉપરોકત સુચના તથા જાહેરનામાંનો વિગત પુર્ણ અભ્યાસ કરવા તથા સદર યોજનાનો પ્રજાભિમુખ બનાવી મહત્તમ વસુલાત થાય તે અનુસાર કાર્યવાહી કરવા તમામ નાયબ કલેકટરશ્રીઓ તેમજ સંબધિત અધિકારીશ્રી, કર્મચારીઓને જણાવવામાં આવે છે.

એમ્નેસ્ટી યોજના અંગે માર્ગદર્શન અથવા સ્પષ્ટતા મેળવવા માટે જીલ્લાના નાયબ કલેકટર (સ્ટેમ્પ) અથવા શ્રી ડી.યુ.કુમાર નાયબ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ/ શ્રી કે.બી.ભાવસાર ચીફ ઈંસ્પેકટર ઓફ સ્ટેમ્પ્સ, ગાંધીનગર (ટે.નં. ૦૭૯-૨૩૨૨૯૦૩૮) સંપર્ક સાધવા વિનંતી છે.

સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સ
ગુજરાત રાજ્ય;ગાંધીનગરવતી

બિડાણ :–ઉપર મુજબ

પ્રતિ,
નાયબ કલેકટરશ્રી(તમામ)
સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર,
......................

નકલ સવિનય રવાના :–(૧)નાયબ સચિવશ્રી,મહેસુલ વિભાગ,સચિવાલય ગાંધીનગર
(૨)કલેકટરશ્રી તમામ(જિલ્લા).............
(૩)અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પ્સશ્રી,ગાંધીનગર
(૪)નાયબ નોંધણી સર નિરીક્ષકશ્રી,ગાંધીનગર
(૫)નાયબ મદદનીશ સુપ્રિ.ઓફ સ્ટેમ્પ્સશ્રી(અપીલ),ગાંધીનગર
(૬)તમામ શાખા,વડી કચેરી ગાંધીનગર.
(૭)રહસ્ય સચિવશ્રી,વડી કચેરી ગાંધીનગર.

**જોડાણ – ૧.**

નંબરઃ- સ્ટેમ્પ/કલમ/૩૨(ક)/

નાયબ કલેકટરશ્રીની કચેરી,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર,
જિ.................
તા..................

પ્રતિ,

.......................
.......................
.......................

સ્ટેમ્પ ડયુટી અને વ્યાજની રકમ ભરવાની બાકી હોય તેવા કેસોમાં રાહત આપવા માટે ગુજરાત સરકારે એમ્નેસ્ટી યોજના તા.૨૭/૮/૨૦૦૭ ના હુકમથી જાહેર કરી છે.

(૧). તા.૧/૪/૨૦૦૦ પહેલાં નોંધાયેલ દસ્તાવેજમાં કલમ–૩૨–ક અન્વયેનો હુકમ તા.૩૧/૧૨/૨૦૦૬ સુધીમાં થયેલ હોય તેમાં સ્ટેમ્પ અધિનિયમની કલમ–૩૨–ક હેઠળ અત્રેની કચેરીના હુકમ અનુસાર ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમની ૩૦ ટકા રકમ સરકારમાં તા. ૧/૯/૨૦૦૭ થી તા.૩૧/૧૦/૨૦૦૭ સુધીમાં ભરવામાં આવે તો,ખુટતી સ્ટેમ્પ ડયુટીની બાકીની ૭૦ ટકા રકમ તથા ચડત વ્યાજ એમ્નેસ્ટી યોજના અન્વયે માફ કરી શકાય તેમ છે.

(૨) આ યોજનાનો લાભ લેવા તથા યોજના હેઠળની ભરવાની થતી તફાવતની રકમની જાણકારી માટે અત્રેની કચેરીનો તુરત જ સંપર્ક સાધવા વિનંતી છે.

(૩) તા.૧/૪/૨૦૦૦ કે તે પછી નોંધણી અર્થે રજુ થયેલા દસ્તાવેજોમાં કલમ–૩૨–ક અથવા કલમ–૩૨–ખ હેઠળનાં હુકમ તા.૩૧/૧૨/૨૦૦૪ સુધીમાં થયેલ હોય તેમાં નાયબ કલેકટરશ્રી /મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધીકારીશ્રીના હુકમ અનુસાર ખુટતી સ્ટેમ્પ ડયુટીની પુરેપુરી રકમ તા.૧/૯/૨૦૦૭ થી તા..૩૧/૧૦/૨૦૦૭ સુધીના સમયગાળા દરમ્યાન જો પક્ષકાર ભરપાઈ કરે તો, ચડત વ્યાજની પુરેપુરી રકમ માફ થશે.

નાયબ કલેકટર,
સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર.
જિ..............

## જોડાણ-૨

નં.સ્ટેમ્પ/એમ્નેસ્ટી યોજના/૨૦૦૭/

સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસની કચેરી,
સ્ટેમ્પ અને નોંધણી ભવન,
સેકટર-૧૩ સી,ખ-રોડ,
ગાંધીનગર.
તા. -૮-૨૦૦૭

### શેરો (૧/૪/૨૦૦૦ પહેલાના દસ્તાવેજો)

સબ રજીસ્ટ્રાર કચેરી................ખાતે તા..................ના રોજ અનુક્રમ નંબર...................થી નોંધાયેલ/રજુ થયેલ દસ્તાવેજમાં મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨(ક)હેઠળ ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ રૂા...........પેનલ્ટી રૂા.૨૫૦/-તથા નિયમ-૯ હેઠળ દંડની રકમ રૂા.........એમ કુલ રૂા..............વસુલ લેવા માટેનો હુકમ થયેલ છે.

મહેસુલ વિભાગના તા.૨૭/૮/૨૦૦૭ ના જાહેરનામાં નં.જીએચએમ-૨૦૦૭-૫૩-એમ-એસટીપી-૧૦૨૦૦૭- ૨૨૫ હ.૧ થી જાહેર થયેલી એમ્નેસ્ટી યોજના અનુસાર પક્ષકારે નીચે પ્રમાણેની રકમ ભરવાની થાય છે.

| | | |
|---|---|---|
| (૧) | ખુટતી સ્ટેમ્પ ડયુટી પૈકી ૩૦ ટકા રકમ | રૂા............ |
| (૨) | પેનલ્ટી | રૂા............. |
| (૩) | નિયમ-૯ નો દંડ | રૂા............. |
| | કુલ રકમ | રૂા............. |

ઉકત કુલ રકમ રસીદ/ચલણ નંબર...............તા...............થી ભરપાઈ કરવામાં આવી છે.એટલે અધિનિયમની કલમ-૩૨(ક)ની કાર્યવાહી પુર્ણ કરવામાં આવે છે.

નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર,
જિ..............

**જોડાણ–૩**

## **પ્રમાણપત્ર**

સબ રજીસ્ટ્રાર કચેરી...........દસ્તાવેજ નંબર .......... તા.........
કલમ–૩૨–ક અનુસાર હુકમની બજાર કિંમત રૂા.........................

| | |
|---|---|
| (૧)હુકમ અનુસાર ખુટતી સ્ટેમ્પ ડયુટીની રકમ | રૂા............... |
| (૨)એમ્નેસ્ટી યોજના હેઠળ ભરવાપાત્ર ડયુટી | રૂા............... |
| (૩)પેનલ્ટી | રૂા............... |
| (૪)નિયમ–૯ હેઠળનો દંડ | રૂા............... |
| **કુલ રકમ** | રૂા............... |

ચલન નં./રસીદ નં.....................તા.................

**આથી પ્રમાણીત કરવામાં આવે છે કે સદર લેખ સબંધમાં મુંબઈ સ્ટેમ્પ અધિનિયમની કલમ–૩૨(ક)હેઠળની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.**

**નાયબ કલેકટરશ્રી,**
**સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર,**
જિ..............

## જોડાણ-૪

પ્રતિ,
મુખ્ય નિયંત્રક મહેસુલી પ્રાધિકારીશ્રી,ગાંધીનગર
અથવા
નાયબ કલેકટરશ્રી,
સ્ટેમ્પડયુટી મુલ્યાંકન તંત્ર,
....................

વિષયઃ-(૧)કલમ-૩૨-ખ હેઠળની અપીલ અરજી પરત ખેચવા બાબત.
(૨)એમ્નેસ્ટી યોજના હુકમ ક્રમાંક/નં જીએચ એમ - ૨૦૦૭ - ૫૩ - એમ -એસટીપી-૧૦૨૦૦૭- ૨૨૫ હ.૧ તા. ૨૭/૮/૨૦૦૭

મે.સાહેબ,

૧. ઉપરોકત વિષયે સવિનય જણાવવાનું કે નાયબ કલેકરશ્રી..........એ મારા દસ્તાવેજ નં.......................તા....................સબંધમાં સ્ટેમ્પ અધિનિયમની કલમ-૩૨-ક હેઠળ ખુટતી સ્ટેમ્પ ડયુટી રૂા....................અને પેનલ્ટી રૂા.૨૫૦/- વસુલ લેવા હુકમ કરેલ છે.સદર હુકમથી નારાજ થઈને આપને કલમ-૩૨-ખહેઠળ રેફરન્સ અપીલ કરેલ છે.અપીલ અરજી સાથે ડીપોઝીટની રકમ રૂા.............તા.................થી ભરપાઈ કરેલ છે.

૨. મહેસુલ વિભાગના સંદર્ભ-૨ ના જાહેરનામાં અન્વયે જાહેર થયેલ એમ્નેસ્ટી યોજનાનો લાભ લેવા માંગતો હોય,એમ્નેસ્ટી યોજના અનુસાર ભરવાની થતી સ્ટેમ્પ ડયુટીની રકમ રૂા.........,પેનલ્ટી રૂા.૨૫૦/- તથા નિયમ-૯ નો દંડ રૂા...........મળી કુલ રૂા.........ચલન નં/રસીદ નં.............તા.............થી ભરપાઈ કરેલ છે.

૩. તા....................ની કલમ-૩૨-ખ- હેઠળની રેફરન્સ અરજી પરત ખેંચુ છુ.

૪. એમ્નેસ્ટી યોજનામાં આવરી લેવામાં આવેલા દસ્તાવેજો/ હુકમો સંબંધમા પક્ષકારે નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ હોય તેવા કિસ્સામાં નામદાર કોર્ટ ધ્વારા દાવો પરત ખેચવાની અનુમતિ /મંજુરી મળેથી યોજનાનો લાભ મેળવી શકશે.

આપનો વિશ્વાસુ

......................
(અરજદારનું નામ)

બિડાણ :-રકમ ભરપાઈ કર્યાનું ચલણ/રસીદ